પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૦ | ૨ ફેબ્રુઆરી, ૨૦૨૩, ગુરૂવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અમૃતકાળનું આશાભર્યું અંદાજપત્ર

## કરદાતાને મોટી રાહત, સાત લાખની આવક પર શૂન્ય ટેક્સ : નિર્મલા સિતારમણે પાંચમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કર્યુ : મહિલાઓ માટે નવી બચત યોજનાની જાહેરાત, સિનિયર સિટીઝનોની બચત યોજનાની સીમા ૧૫ લાખથી વધારી ૩૦ લાખ, કેવાયસી પ્રોસેસ સરળ થશે

નવી દિલ્હી, તા.૧

આજે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામણ ૫મી વખત સંસદમાં સામાન્ય અંદાજપત્ર રજુ કરી રહ્યા છે. મોદી સરકારના બીજા કાર્યકળના વર્ષ ૨૦૨૩-૨૪ના આ છેલ્લું બજેટ છે. ઉપરાંત આવતા વર્ષે સામાન્ય ચૂંટણી પણ હોવાથી આ બજેટ ખુબ જ મહત્વનું છે. નાણાંમંત્રી નિર્મલા સીતારામણે ટેક્સને લઈને મોટી જાહેરાત કરી છે. હવે ૭ લાખ રૂપિયાના વાર્ષિક કમાણી પર કોઈ ટેક્સ આપવો નહીં પડે. હાલ આ મર્યાદા ૫ લાખ રૂપિયાની હતી.

નોકરીયાત વર્ગને ફરી બજેટમાં નિરાશા હાથ લાગી છે. નાણામંત્રીએ આવકવેરામાં કોઈ રાહતની જાહેરાત કરી નથી. તેમણે માત્ર એટલું જ જણાવ્યું કે, કેવી રીતે આવકવેરા રિટર્ન ફાઈલિંગ પહેલા કરતાં વધુ સરળ બની ગયું છે. તેમણે કહ્યું કે આવકવેરા



વિભાગે રિટર્નની પ્રક્રિયાની વધુ સરળ બનાવી છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં આઈટીઆર માટે સરેરાશ પ્રોસેસિંગનો સમયગાળો ૯૩ દિવસની હોય છે, જે ઘટીને ૧૬ દિવસ થઈ છે. નાણામંત્રીએ કહ્યું કે, ૪૫ ટકા આઈટીઆરની પ્રક્રિયા ૨૪ કલાકની અંદર કરાઈ રહી છે.

અમૃતકાળમાં મહિલાઓ માટે નવી બચત યોજનાની જાહેરાત કરાઈ છે. નાણામંત્રી નિર્મલા સીતારામણે કહ્યું કે, આ યોજનાનો લાભ બે વર્ષ સુધી ઉઠાવી શકાશે. તેમણે કહ્યું કે, માર્ચ ૨૦૨૫માં બે વર્ષનો સમયગાળો પૂર્ણ થશે. એટલે કે માર્ચ ૨૦૨૫ સુધી મહિલાઓ ૨ લાખ રૂપિયા સુધીનું 'મહિલા સન્માન બચત પત્ર' ખરીદી શકશે. આના પર ૭.૫ ટકા વાર્ષિક વ્યાજ મળે છે. જરૂર પડવા પર આ નાણાંમાંથી અમુક રકમ ઉપાડી શકાશે.

નાણાંમંત્રીએ બજેટમાં સિનિયર સિટિઝન અને મહિલાઓ માટે બચત યોજનાનું એલાન કર્યું છે. બે વર્ષ માટે આ યોજનાનો લાભ ઉઠાવી શકાશે. તેમણે કહ્યું કે, માર્ચ ૨૦૨૫માં બે વર્ષની આ અવધી પૂર્ણ થશે. માર્ચ ૨૦૨૫ સુધી મહિલાઓ બે લાખ રૂપિયા સુધી મહિલા બચત પત્ર ખરીદી શકશે. તેના પર ૭.૫ ટકા વાર્ષિક દરથી વ્યાજ આપવામાં આવશે. જરૂરત પડ્યે આ રકમથી આંશિક નિકાસ પણ કરી શકાશે. તે ઉપરાંત સિનિયર સિટીઝનો માટે ૧૫ લાખની લિમિટને વધારીને ૩૦ લાખ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

૫૦ પ્રવાસન સ્થળોની ઓળખ કરવામાં આવશે. સંપૂર્ણ પેકેજ સ્વરૂપે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને વિકસાવવામાં આવશે. રાજ્યોની રાજધાનીમાં યુનિટી મોલ શરૂ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. આ નિર્ણયથી ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ અને હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટને પ્રોત્સાહન મલશે.

કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના ૪.૦ લોન્ચ કરશે. યુવાઓને આંતરરાષ્ટ્રીય તકો માટે કુશળ બનાવવા વિવિધ રાજ્યોમાં ૩૦ સ્કિલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર સ્થાપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### સાત લાખની આવક સુધી કોઈ ટેક્સ નહીં ભરવો પડે

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે દેશનું આમ બજેટ રજૂ કરવામાં કર્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આ વર્ષે સતત પાંચમી વખત બજેટ રજૂ કર્યું હતું. સૌથી મહત્વની વાત એ છે કે આ નવા કરવેરાની જાહેરાત સાથે હવે આ વ્યવસ્થા દેશનું મુખ્ય માળખું બની ગયું છે. જો કે, જે લોકો જૂની કર વ્યવસ્થા મુજબ આવકવેરો ભરવા માંગતા હોય તો પણ ભરી શકશે.

| આવક | પહેલાભરવોપડતોટેક્સ | હવેભરવોપડવોપડશેટેક્સ |
|---|---|---|
| ૫ લાખ | શૂન્ય | શૂન્ય |
| ૭ લાખ | ૩૩,૮૦૦ | શૂન્ય |
| ૯ લાખ | ૬૨,૪૦૦ | ૪૬,૮૦૦ |
| ૧૦ લાખ | ૭૮૦૦૦ | ૬૨,૪૦૦ |
| ૧૨ લાખ | ૧,૧૯,૬૦૦ | ૯૩,૬૦૦ |
| ૧૫ લાખ | ૧,૯૫,૦૦૦ | ૧,૫૮,૦૦૦ |

ટેક્સ રિબેટની મર્યાદા રૂ. ૭ લાખ સુધી વધારી છે જેનાથી સ્ટાન્ડર્ડ ડિડક્શન અને છૂટ સાત લાખની આવક સુધી લઈ શકાશે.

નવા આવકવેરાના દરો આ મુજબ છે

| | |
|---|---|
| રૂ. ૦-૩ લાખ | શૂન્ય |
| રૂ. ૩-૬ લાખ | ૫% |
| રૂ ૬-૯ લાખ | ૧૦% |
| રૂ ૯-૧૨ લાખ | ૧૫% |
| રૂ ૧૨-૧૫ લાખ | ૨૦% |
| ૧૫ લાખથી વધુ | ૩૦% |

### શું સસ્તુ, શું મોંઘું થશે

**સસ્તુ**
- મોબાઈલ ફોન
- ટીવી
- બાયોગેસ સંબંધિત વસ્તુઓ
- મોબાઈલ સ્પેરપાર્ટ્સ
- ઈલેક્ટ્રીક વ્હીકલ
- રમકડા
- કેમેરા લેન્સ
- સાયકલ

**મોંઘું**
- ઘરની ઈલેક્ટ્રિક રસોઈ ચીમની
- વિદેશી કિચન ચીમની
- વિદેશી ચાંદીની વસ્તુઓ
- ચાંદીના ઘરેણાં
- સોનું-ચાંદી અને પ્લેટિનેમ ઘરેણાં
- ઈમ્પોર્ટેડ દરવાજા
- સિગારેટ

### રૂપિયો ક્યાંથી આવશે ?

સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, સરકારને આવકવેરામાંથી ૧૫% કમાણી થાય છે. તેવી જ રીતે, સરકારને લોન અને અન્ય જવાબદારીઓમાંથી ૩૪ ટકા રકમ મળે છે. સરકાર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાંથી સાત ટકા કમાય છે.

બજેટ દસ્તાવેજ અનુસાર, સરકારને તેની આવકના ૧૫ ટકા કોર્પોરેશન ટેક્સમાંથી મળે છે. સરકારને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને અન્ય ટેક્સમાંથી ૧૭ ટકા રકમ મળે છે. સરકારને કસ્ટમ ડ્યુટીમાંથી ૪ ટકા કમાણી થાય છે. તેવી જ રીતે, સરકારને ઋણ સિવાયની મૂડી રસીદોમાંથી બે ટકા અને કરમુક્ત રસીદમાંથી છ ટકા કમાણી થાય છે.

### રૂપિયો ક્યાં જશે ?

સરકારે જણાવ્યું છે કે ૨૦ ટકા રકમ વ્યાજની ચુકવણી પર ખર્ચવામાં આવે છે. એ જ રીતે, સરકાર કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજનાઓ પર નવ ટકા રકમ ખર્ચે છે. સરકાર સાત ટકા રકમ સબસિડી પાછળ ખર્ચે છે. સરકાર સંરક્ષણ ક્ષેત્ર પર આઠ ટકા ખર્ચ કરે છે. સરકાર કેન્દ્રીય ક્ષેત્રની યોજનાઓ પર ૧૭ ટકા ભંડોળ ખર્ચે છે. એ જ રીતે, નાણાપંચ અને અન્ય ટ્રાન્સફર વસ્તુઓ પર સરકારનો ખર્ચ ૯ ટકા છે. સરકાર ૧૮ ટકા રકમ રાજ્યોને કર અને ડ્યુટીમાં વહેંચવા માટે ખર્ચે છે. અન્ય ખર્ચના હેડ પર સરકારનો ખર્ચ આઠ ટકા છે.

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો

## ૨૦૨૨માં પણ ગેસ સિલિન્ડરના ભાવમાં સતત વધારો નોંધાયો હતો, ગયા વર્ષે ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં કુલ ૧૫૩.૫ રૂપિયાનો વધારો નોંધવામાં આવ્યો હતો

નવી દિલ્હી,તા.૧

આજે, ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ, દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ કેન્દ્રમાં મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું સંપૂર્ણ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. સામાન્ય જનતાને નાણામંત્રી પાસેથી ઘણી અપેક્ષાઓ છે. બજેટ પહેલા, સરકારી તેલ કંપનીઓએ ૧ ફેબ્રુઆરીએ સ્થાનિક અને કોમર્શિયલ એલપીજી પ્રાઈસ જાહેર કરી છે. આજે જનતાને રાહત આપતા ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

છેલ્લી વખત ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમત ૬ જુલાઈ, ૨૦૨૨ ના રોજ વધારવામાં આવી હતી, જ્યારે ગેસની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે અગાઉ જાન્યુઆરી ૨૦૨૩ની શરૂઆત મોંઘવારીના આંચકા સાથે થઈ હતી, જ્યારે ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. આ વધારા બાદ રેસ્ટોરાં, હોટલ વગેરેમાં ભોજન મોંઘું થઈ ગયું છે. આનાથી આખરે જનતાના ખિસ્સા પર બોજ વધે છે.

વર્ષ ૨૦૨૨માં જનતા સતત મોંઘવારીનો ભોગ બની રહી હતી અને ગેસ સિલિન્ડરના ભાવમાં સતત વધારો નોંધાયો હતો.

ગયા વર્ષે ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતોમાં કુલ ૧૫૩.૫ રૂપિયાનો વધારો નોંધવામાં આવ્યો હતો. બીજી તરફ જો કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની વાત કરીએ તો ગયા વર્ષે તેની કિંમત પણ ૨૦૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરને પાર કરી ગઈ હતી.

# હિમાચલ પ્રદેશ ૩૪ માસ બાદ કોરોના મુક્ત થયું

શિમલા, તા.૧

હિમાચલ પ્રદેશ કોરોના મુક્ત થઈ ગયુ છે, હિમાચલ પ્રદેશમાં હવે એક પણ કોરોના એક્ટિવ દર્દી નથી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૬૬૫ સેમ્પલ તપાસ માટે પહોંચ્યા હતા પરંતુ તમામ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. મંગળવાર સુધી બે ૨ એક્ટિવ કેસ હતા પરંતુ હવે તેઓ પણ સાજા થઈ ગયા છે. દરમિયાન હવે પ્રદેશના તમામ ૧૨ જિલ્લા કોરોનાથી મુક્ત થઈ ગયા છે. જાણકારી અનુસાર ૩૪ મહિના બાદ હિમાચલ પ્રદેશ કોરોના મુક્ત થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર




# બાઈડેને પીએમ મોદીને યુએસ આવવાનું આપ્યું આમંત્રણ

## મુલાકાતની તારીખો અંગે કોઈ સ્પષ્ટતા નથી

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ઉનાળામાં અમેરિકાની મુલાકાત લઈ શકે છે. જો કે, મુલાકાતની તારીખો અંગે કોઈ સ્પષ્ટતા નથી અને બંને દેશોના અધિકારીઓ તેના પર કામ કરી રહ્યા છે. સૂત્રોનું માનીએ તો અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન વતી વડાપ્રધાન મોદીને અમેરિકાની મુલાકાત લેવાનું આમંત્રણ મોકલવામાં આવ્યું છે. બંને દેશોના વહીવટીતંત્રે આ આમંત્રણનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. બંને પક્ષોના અધિકારીઓ જૂન-જુલાઈમાં યોગ્ય તારીખો પર ચર્ચા કરી રહ્યા હોવાનું માનવામાં આવે છે, જ્યારે યુએસ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેની બેઠક મળવાની છે એટલું જ નહીં, પરંતુ વડા પ્રધાન મોદીની પણ કોઈ પૂર્વ-આયોજિત આંતરરાષ્ટ્રીય મુસાફરી અને સ્થાનિક મુલાકાતો નથી. અમેરિકાની મુલાકાત માટે ઓછામાં ઓછા ૫ દિવસોની જરૂર હોય છે, જેમાં અન્ય બાબતોની સાથે, યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્ર અને વ્હાઈટ હાઉસ ખાતે રાજ્ય રાત્રિભોજનનો સમાવેશ થાય છે. જોકે, આ મુદ્દે સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન મોદીને આ આમંત્રણ ક્યારે આપવામાં આવ્યું હતું અને બાઈડેનના કાર્યાલય વતી તેમને વ્યક્તિગત આમંત્રણ કોણે આપ્યું હતું તે સ્પષ્ટ નથી. આ બાબત પર નજર રાખતા કેટલાક અધિકારીઓનું કહેવું છે કે ભારત આ વર્ષે G-20ની યજમાની કરી રહ્યું છે. સપ્ટેમ્બરમાં G-20 સમિટ પણ યોજાવાની છે, જેમાં વૈશ્વિક નેતાઓની સાથે યુએસ પ્રમુખ જો બાઈડેન પણ ભાગ લેશે. આ પછી વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે વડાપ્રધાન મોદીનો પ્રચાર શરૂ થશે. આવી સ્થિતિમાં પીએમ મોદી વ્યસ્ત હશે તેથી ક્યારે મુલાકાત લેશે તે સ્પષ્ટ નથી. ઉલ્લેખનીય છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ પર સમગ્ર વિશ્વની નજર હોય છે અને ત્યાં રહેતા ભારતીયો પણ તેમની મુલાકાતની રાહ જોતા હોય છે.

